# વાઈબ્રન્ટમાં નગરને દુલ્હનની જેમ શણગારવા માટે ત્રણ પ્લાન તૈયાર કરાયા

**પ્રાયોગિક ધોરણે નિરિક્ષણના અંતે નગરને રોશનીથી સુશોભિત કરવા માટે આખરી આયોજન કરાશે**

ગાંધીનગર તા ૨૧

આગામી જાન્યુઆરી મહીનામાં વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવામાં આવ્યુ છે જયારે વાઈબ્રન્ટને અનુલક્ષી અત્યારથી તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. વાઈબ્રન્ટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનતા હોવાથી સલામતીની સાથે બ્યુટીફીકેશનના પણ વિશેષ ખ્યાલ કરવામાં આવે છે. નગરને રોશનીથી સુશોભિત કરવા માટે પણ તંત્રએ ત્રણ થી ચાર પ્રકારના પ્લાન તૈયાર કર્યા છે. જે પેટર્ન મુજબ આગળ પ્રાયોગિક ધોરણ અપનાવી નગરને રોશનીથી શણગારવાનુ આયોજન આખરી કરાશે.

આગામી જાન્યુઆરી મહીનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તંત્ર દ્વારા પુર્વ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. વાઈબ્રન્ટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બનાવાના હોવાથી સલામતી અને સુશોભનના પરિબળો પર વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવે છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવે છે. જયારે આ વર્ષે પણ વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી બેઠકોનો દૌર શરૂ કરી દેવાયો છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના માર્ગોની સુધારણાનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. જયારે માર્ગ સુધારણા ઉપરાંત બ્યુટીફીકેશનની કામગીરીનુ પણ આયોજન કરાયુ છે. ચ-૦ થી ઈન્દ્રોડા માર્ગ પર વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી આસપાસ સ્થિત લોખંડની ગ્રીલનુ રીપેરીંગ તેમજ કલરકામ અને રોડ ફર્નિચરનુ કામ પણ હાથ ધરવા માટે કામગીરી શરૂ કરવામાં આવશે. જયારે વાઈબ્રન્ટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવામાં આવે છે. જેને અનુલક્ષી વિવિધ ઠેકાણે રોશની કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. નગરના વિવિધ પોઈન્ટ નિયત કરી રોશનીથી શણગારવા માટે તંત્ર દ્વારા ત્રણ થી ચાર પ્રકારના પ્લાન તૈયાર કરાયા છે. જયારે રોશની માટે તૈયાર કરાયેલી કાર્યયોજના અન્વયે તંત્ર દ્વારા આગામી મહીનામાં પ્રાયોગિક ધોરણે રીહર્સલ પણ કરવામાં આવશે ત્યારબાદ આખરી કાર્યયોજના પર આગળની કાર્યવાહી હાથ ધરાશે. દર વખત કરતા આ વર્ષે નવા પ્રકારનુ આયોજન કરવા માટે પણ વિચારણા ચાલી રહી છે. જેમાં નગરમાં વિશેષ પ્રકારની રોશનીની જળહળા થાય તે મુજબ પણ પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. રોશની કરવા માટે અલગ પેટર્ન મુજબ કામગીરી હાથ ધરાય તેવુ આયોજન પણ કરવામાં આવી રહ્યુ છે.

# આજે કોર્ટમાં મેયરનો મત ખુલશે

**મનપાના મેયરનું બંધ કવર આજે ખુલશે : ત્યારબાદ મેયર, ડેપ્યુટી મેયરના પરિણામની સત્તાવાર જાહેરાત કરાશે : અંકિત બારોટે પણ કોર્ટમાં દાદ માંગી મતાધિકારની રક્ષા માટે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાના નવા મેયર અને ડે. મેયરની વરણી અંગે આજે રાજ્યની વડી અદાલતમાં પરિણામ જાહેર થશે.

પક્ષાંતર ધારા ભંગની ફરિયાદનો સામનો કરી રહેલા મેયર પ્રવિણ પટેલનો મત બંધ કવરમાં રાખી અને પરિણામ જાહેર નહિ કરવાના વડી અદાલતના આદેશ બાદ આજે આ કેસની આગળ સુનાવણી હાથ ધરવામાં આવશે.

દરમ્યાન સામાન્યસભા વખતે કોંગ્રેસના કાઉન્સીલર અંકીત બારોટે પણ ચૂંટણીપ્રક્રિયાને પડકારી તેના મતાધિકારની રક્ષા કરવા માટે રાજ્યની વડી અદાલતમાં દાદ માંગી છે તે અરજી પર પણ આજે સુનાવણી થશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર, ડે. મેયર તેમજ સ્થાયી સમિતિની ચૂંટણી ૫મી નવેમ્બરના રોજ યોજાઈ હતી. આજે વડી અદાલતમાં આ અંગેની મુદત છે.

મનપાએ ૫મીની સામાન્ય સભામાં ચૂંટણી પ્રક્રિયાને લઈ સમગ્ર અહેવાલ મેયરના મતના બંધ કવર સાથે મોકલી આપેલ છે. પાટનગરમાં આને લઈ રાજકીય ઉત્તેજનાઓ જોવા મળી રહી છે.



# રાજ્યમાં ઠંડી વધવાની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ,તા.૨૧

ગુજરાતમાં ઠંડીની શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે અમદાવાદ સહિતના શહેરોમાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો. તો ગાંધીનગર ૧૩.૨ ડિગ્રી સાથે સૌથી ઠંડુ શહેર બન્યું. બીજી તરફ, અમદાવાદમાં પણ વહેલી સવારથી ઠંડીનો ચમકારો જોવા મળ્યો.

શહેરમાં વહેલી સવારથી ધુમ્મસમય વાતાવરણ પણ જોવા મળ્યું. તો હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી સમયમાં ઠંડીનું જોર વધી શકે છે. જો કે, ઠંડીની શરૂઆત થતા જ શહેરના વિવિધ પાર્કમાં હેલ્થ કોન્સિયસ લોકો ઉમટ્યા. વહેલી સવારના ખુશનુમા વાતાવરણાં હેલ્થ કોન્સિયસ લોકો યોગા, કસરત, વિવિધ શારીરીક કસરતમાં વ્યસ્ત બન્યા છે.



**સ્થાન દર્શક બોર્ડ પર વનરાજી.... ટ્રીમીંગની આવશ્યકતા....**

# ડિસે.ના પ્રથમ પખવાડિયામાં કેન્દ્રની ટીમ અછતગ્રસ્ત વિસ્તારોની મુલાકાતની સંભાવના

**રાજ્ય સરકારે કેન્દ્રને અછતની સ્થિતિને પહોંચી વળવા વિગતવાર રિપોર્ટ સાથે સહાય માંગી છે**

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતમાં ઉભી થયેલી અછતની પરિસ્થિતિને પહોંચી વળવા માટે કેન્દ્ર સરકાર પાસે માંગેલ મદદને લઈ આજે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

બે કલાકથી પણ વધુ ચાલેલી આ બેઠકમાં અછતગ્રસ્ત વિસ્તારોમાં લેવાયેલા પગલાંઓની જાણકારી આપવામાં આવી હતી તેમજ ઘાસચારાની ખરીદી માટે રાજ્યમંત્રી વાસણભાઈ આહિરને પંજાબ મોકલવાનો નિર્ણય પણ લેવાયો છે.

મળતી વિગતો પ્રમાણે ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં કેન્દ્રની ટીમ સ્થિતિનો અભ્યાસ કરવા આવશે અને તે પછી સહાય અંગે નિર્ણય કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવશે. હાલ રાજ્ય સરકાર ડિસેમ્બર માસથી રાહત કામોનો આરંભ કરી દેશે. સરકારે આ પહેલાં પાણી માટે તેમજ અન્ય જરૂરિયાતોના ખર્ચને પહોંચી વળવા ઓક્ટો.ના અંતમાં કેન્દ્રને સહાયની માંગ કરતુ આવેદનપત્ર આપ્યુ હતુ.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની વર્તમાન સરકારે રાજયની પ્રવર્તમાન અછતની સ્થિતી પ્રત્યે સંવેદનાપૂર્ણ અભિગમ દાખવી જાહેર રજાના દિવસે પણ રાજ્ય મંત્રીમંડળની કેબિનેટ બેઠક બોલાવી અછત રાહતના મહત્વપૂર્ણ આયોજન કર્યા છે.

વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી આ કેબિનેટ બેઠકના કરાયેલા આયોજન-નિર્ણયોની વિગતો મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલે આપી હતી.

મહેસૂલ મંત્રીએ કહ્યું કે સમગ્ર સરકાર અછતની સ્થિતી પ્રત્યે અતિસંવેદનશીલ છે. આ સંદર્ભમાં રાજ્ય મંત્રીમંડળે મૂંગા અબોલ પશુધન માટે અછતગ્રસ્ત વિસ્તારોમાં ઘાસચારો, પાણી તેમજ નરેગા અન્વયે રોજગારી નિર્માણ માટે નક્કર નિર્ણયો કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# સેવાના સઘનીકરણ માટે આરોગ્ય કેન્દ્રોનું પુનઃ ગઠન જરૂરી : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના પુનઃ ગઠન માટે તંત્રએ યોગ્ય કાર્યવાહી ઝડપથી કરવી જોઈએ તેવી સૂચના જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગાએ જિલ્લા હેલ્થ મિશનની ગર્વનીંગ બોડીમાં આપી હતી.

ગાંધીનગર જિલ્લામાં વસ્તીના વધેલા ભારણ સાથે વિસ્તારોના થયેલા વિકાસ અને અન્ય બાબતોને ધ્યાને લઈ આરોગ્ય સેવાઓનું સઘનીકરણ કરવામાં આવે તેવો આગ્રહ જિલ્લા કલેક્ટરે કર્યો હતો.

ગઈકાલે હેલ્થ મિશનની બેઠકમાં કલેક્ટરે પબ્લીક હેલ્થ સેન્ટરોના વિસ્તાર નિયત કરવાને લઈ ઘણો સમય પસાર થઈ ગયો છે તેમજ જે રીતે ગાંધીનગર શહેર અને જિલ્લાના કેટલાક વિસ્તારોમાં થયેલા વિકાસને ધ્યાને લઈ પુનઃ ગઠનનો આગ્રહ કર્યો હતો.

તેમણે આ બેઠકમાં ક્લોરીનેશનના મુદ્દે તંત્રની ઉદાસીનતાને લઈ નારાજગી વ્યક્ત કરી હતી તેમજ દરેક ગામમાં લીકવીડ ક્લોરીનેશન પ્લાન્ટ લગાવવામાં આવે તેવો પત્ર લખવા પણ જણાવ્યુ હતુ. આ માટે પંચાયતો તેમના ઉપલબ્ધ ફંડમાંથી કાર્યવાહી કરે તેવી પણ સ્પષ્ટ સૂચના આપવા કલેક્ટરે સૂચવ્યુ હતુ.

આ બેઠકમાં માતા મરણ, બાળ મરણ, જિલ્લામાં વધતા જતા સ્વાઈન ફ્લુના કેસ તેમજ અન્ય પાણીજન્ય અને વાઈરલ કેસો અંગે તેમજ મેલેરિયા-ડેન્ગ્યુના વધતા કેસોને લઈ ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી.

જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ પર ભાર મૂકતાં તેમણે કેટલા સબ સેન્ટરો અને પ્રા.આ. કેન્દ્રોમાં ડિલીવરીના કેસો નથી થતા તેનો વિગતવાર અહેવાલ રજુ કરવા પણ સૂચવ્યુ હતુ. તેમણે સબસેન્ટર અને પ્રા.આ. કેન્દ્ર વચ્ચે ઓછુ અંતર રહે તેમજ રાત્રિના સમયે તબીબી અધિકારી ફરજના સ્થળે હાજર રહે તેવો આગ્રહ પણ કર્યો હતો.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના રિસ્ટ્રક્ચરીંગને લઈ તેમણે ગાંધીનગર નજીક કુડાસણ, રાયસણ, કોબા, સરગાસણ જેવા વિસ્તારોના વધતા જતા વિકાસને ધ્યાને લઈ સુઘડ પ્રા.આ. કેન્દ્રને ટાંકી જણાવ્યુ હતુ કે વિસ્તાર વિકાસને ધ્યાને લેતાં અહિ કર્મયોગીઓ ઘણા ઓછા છે તે ધ્યાને લેવુ જોઈએ.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં શાળા-આરોગ્ય કાર્યક્રમ અંગે પણ થોડીક ચર્ચાઓ થઈ હતી.

**ફાયર સ્ટેશન સંકુલમાં**

# વારંવાર ગટરો ઉભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે

**નવા બિલ્ડીંગની સાથે ચાર દાયકા જુની લાઇન પણ બદલાશે : આજે પણ ગટર ઉભરાતા જેટીંગ મશીનથી લાઇનની સફાઇ કરાઇ**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં સે-૧૭ સ્થિત ફાયર સ્ટેશનના સંકુલમાં વારંવાર ગટરો ઉભરાવાની ફરિયાદો ઉઠવા પામે છે. જયારે આજે પણ ગટરોનુ દુષિત પાણી ફાયર સ્ટેશનના સંકુલમાં ફરી વળ્યુ હતુ. જેને અનુલક્ષી તંત્ર દ્વારા જેટીંગ મશીનથી લાઇનની સફાઇ કરવામાં આવી હતી. જો કે ફાયર સ્ટેશનના નવા બિલ્ડીંગનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. આ દરમિયાન ચાર દાયકા જુની લાઇન પણ બદલવામાં આવશે જેથી ગટર લાઇનની સમસ્યાનો કાયમી ધોરણે હલ થશે.

ફાયર સ્ટેશનના સંકુલમાં વારંવાર ગટરો ઉભરાવાની ફરિયાદો ઉઠવા પામે છે. આજે પણ ફાયર સ્ટેશનમાં ગટરનુ દુષિત પાણી ઉભરાતા તંત્રએ જેટીંગ મશીનની મદદથી ગટર લાઇનની સફાઇ હાથ ધરી હતી. અગાઉ પણ આ ફરિયાદ ઉઠતા તંત્ર દ્વારા ફાયર બ્રિગેડની કચેરીના સંકુલમાં ગટર લાઇનની સફાઇ કરી હતી. જો કે ફાયર કચેરીનુ નવુ બિલ્ડીંગ તૈયાર થઇ રહ્યુ હોવાથી આ ઠેકાણે કામગીરી ચાલી રહી છે. જેથી તંત્ર માટે પણ લાઇનનુ કામ હાથ ધરવાનુ કપરુ બન્યુ છે. ગટર લાઇનની સમસ્યાનુ કાયમી નિરાકરણ લાવવાની કામગીરીમાં પણ અવરોધ ઉભા થાય છે. ફાયર ઓફિસના કેમ્પસની લાઇન ચાર દાયકા જુની છે. જેના લીધે લાઇનમાં વારંવાર સમસ્યા સર્જાય છે. જો કે હાલ નવા બિલ્ડીંગની કામગીરી ચાલી રહી હોવાથી ટુંકમાં જ આ બિલ્ડીંગ તૈયાર થવાની સાથે લાઇન પણ નવી નાંખવામાં આવશે જેથી વારંવાર ગટરો ઉભરાવાની સમસ્યા હલ થશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

# નવા સચિવાલયના વિવિધ બ્લોકમાં ૧૨ નવી લીફટ મુકવામાં આવશે

**અગાઉ વર્ષ ૨૦૧૨ માં પણ કેટલાક બ્લાકમાં લીફટ બદલવામાં આવી હતી**

ગાંધીનગર તા ૨૧

નવા સચિવાલય સંકુલમાં નવી લીફટ ફીટ કરવા માટેનુ કામ ટુંકમાં હાથ ધરાશે. અઢી દાયકાથી પણ જુની લીફટને બદલવા માટે તબક્કારા કામગીરી હાથ ધરવામાં આવે છે. સચિવાલયમાં કાર્યરત લીફટની લાઈફ અંદાજિત દોઢ દાયકા જેટલી હોય છે. પરંતુ લાંબા સમયના અંતે લીફટ વારંવાર ખોટવાતી હોવાની ફરિયાદો વધતા સચિવાલયના વિવિધ બ્લોકમાં નવી ૧૨ લીફટ મુકવા માટે નિર્ણય લેવાયો છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

નવા સચિવાલય સંકુલમાં લીફટ બદલવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ પણ સચિવાલયના કેટલાક બ્લોકમાં તબક્કાવાર લીફટ બદલવામાં આવી હતી. જયારે હવે અન્ય બ્લાકમાં પણ લીફટનુ કામ હાથ ધરાશે. અગાઉ વર્ષ ૨૦૧૨ દરમિયાન સચિવાલય સંકુલમાં ૨૯ જેટલી લીફટ બદલવામાં આવી હતી. જયારે હવે અન્ય ૧૨ નવી લીફટ મુકવા માટે તંત્રએ આયોજન કર્યુ છે. જો કે લીફટ નવી નાંખવાના મામલે તંત્ર દ્વારા અત્યાર સુધી પાંચવાર ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે હવે લીફટ નાંખવાનુ કામ આખરી થશે. નવા સચિવાલયમાં વિવિધ બ્લોકમાં દાયકાઓ પુર્વે લીફટનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે હયાત લીફટ પણ અઢી દાયકા પુર્વે નાંખવામાં આવી હતી. નવી લીફટ નાંખવા પાછળ રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. નવા સચિવાલય સાંકુલમાં વિવિધ વિભાગની કચેરીઓ ધમધમતી હોવાથી સંકુલમાં આવતા મુલાકાતીઓની સંખ્યા પણ વિશેષ હોય છે. જેના લીધે લીફટનો ઉપયોગ પણ વિશેષ પ્રમાણમાં થાય છે. નવા સાચિવાલય સાંકુલમાં દિવસ દરમિયાન લીફટ ધમધમતી હોય છે. નવી લીફટ મુકવાની કામગીરી બને તેટલી ઝડપથી પુર્ણ કરી દેવાશે. આ અન્વયે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જયારે ટુંકમાં ટેન્ડર આખરી થયા બાદ જવાબદાર એજન્સીને વર્ક ઓર્ડર પણ આપી દેવાશે.

# પશુધન માટે સાત કરોડ કિલો ઘાસચારાનું આયોજન કરાશે

**જ્યાં પાણી ઉપલબ્ધ છે ત્યા ખેડૂતો ઘાસ ઉગાડવા આગળ આવે તેવી વ્યવસ્થા : મનરેગામાં ૧૫૦ દિનની રોજગારી**

અમદાવાદ,તા.૨૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વની વર્તમાન સરકારે રાજ્યની પ્રવર્તમાન અછતની સ્થિતી પ્રત્યે સંવેદનાપૂર્ણ અભિગમ દાખવી જાહેર રજાના દિવસે પણ રાજ્ય મંત્રીમંડળની કેબિનેટ બેઠક બોલાવી અછત રાહતના મહત્વપૂર્ણ આયોજન કર્યા છે.

વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી આ કેબિનેટ બેઠકના કરાયેલા આયોજન-નિર્ણયોની વિગતો મહેસૂલ મંત્રી કૌશિક પટેલે આપી હતી. મહેસૂલ મંત્રીએ કહ્યું કે સમગ્ર સરકાર અછતની સ્થિતી પ્રત્યે અતિસંવેદનશીલ છે. આ સંદર્ભમાં રાજ્ય મંત્રીમંડળે મૂંગા અબોલ પશુધન માટે અછતગ્રસ્ત વિસ્તારોમાં ઘાસચારો, પાણી તેમજ નરેગા અન્વયે રોજગારી નિર્માણ માટે નક્કર નિર્ણયો કર્યા છે.

કૌશિકભાઈએ જણાવ્યું કે, રાજ્યમાં અછતગ્રસ્ત વિસ્તારોમાં વધારાના ૭ કરોડ કિલો ગ્રામ ઘાસની જરૂરિયાત સામે પૂરતી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. અત્યાર સુધીમાં ૫ કરોડ કિ.ગ્રા. ઘાસનું આયોજન કરી દેવામાં આવ્યું છે. તેમણે ઉમેર્યુ કે, પંજાબ રાજ્યમાંથી લાવીને ઘઉંની પરાળનો અછતગ્રસ્ત વિસ્તારના પશુધન માટે ઘાસચારા તરીકે ઉપયોગ કરી શકવાની સંભાવનાઓ-સર્વેક્ષણ માટે આવતીકાલે રાજ્યમંત્રી વાસણભાઈ આહિરના નેતૃત્વમાં એક ટીમ પંજાબ જશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com